ગુજરાતી

# પેહેલી ચોપડીના અર્થ.

સંખ્યા તથા હિસાબ સહીત.

---

બનાવનાર તથા પ્રસિદ્ધ કરનાર

રણછોડલાલ વીઠલદાસ.

---

અમદાવાદમાં

છાપનાર "ગુજરાત યુનિયન પ્રેસ"નો માલેક

વાડિલાલ દલીચંદ

ઠેકાણું માણેકચોક આગળ કાગદીઓળમાં શા૦

મોતીચંદ દલીચંદનું મકાન

---

આવૃત્તિ પેહેલી

સંવત ૧૯૨૮——સન ૧૮૭૨

કિંમત ૧ આનો

ગુજરાતી

# પેહેલી ચોપડીના અર્થ.

પાઠ ૧ લો.

મા—જીજી, માતા, બા.

બા—બેહેન.

છે—હયાત છે.

પાઠ ૨ જો.

બૂ—જળ, આબ, પાણી.

પા—પીવા આપ.

પાઠ ૩ જો.

પી—પી જા.

જા—જતો રહે, પધાર.

પાઠ ૪ થો.

બા—માનો બાપ.

તું—બીજો પુરૂષ આપણે જે
ની સાથે વાત કરીયે

તે માણસ.

પાઠ ૫ મો.

આ—પાસેની જણસ.

જો—દેખ, નજર કર.

પાઠ ૬ ઠો.

ઘી—તાવેલું માખણ.

ખા—જમ.

પાઠ ૭ મો.

એ—એ, પેલો, ઓલ્યો.

બી—બિયું, બીજ.

પાઠ ૮ મો.

શું—કયું.

લે—ઝાલ, પકડ.

તે—પેલું એ.

### પાઠ ૯ મો.

જી-માતા, માજી.

ના-નહી.

### પાઠ ૧૦ મો.

ભલા-ઠીક વારૂ.

રૂ-કાપુસ.

### પાઠ ૧૧ મો.

નાતા-રોટલી અથવા રોટલો.

ફ્રી-ખરાબ, નઠારૂં.

### પાઠ ૧૨ મો.

કે-કે.

ખાઉ-લાડુ.

જે-ગે.

### પાઠ ૧૩ મો.

હું-પોતે.

લણી-લેવું, કબજે કરવું.

લેજે-લે.

### પાઠ ૧૪ મો.

પાવા-સુંદર, મજાનું, સારૂં.

મારૂં-પોતાનું.

તેલ-તલને પીલવાથી તે માંથી નિકળે છે તે.

આપ-લાવ.

### પાઠ ૧૫ મો.

હું-આ રહ્યા છઊં.

મને-પોતાને.

લાવ-આણ.

ખાજે-જમજે.

ખાઊં-જમું.

પાઊં-પાન કરૂં.

### પાઠ ૧૬ મો.

જાય-જાવું

આવું-નજીક આવું.

આવ-અહીં આવ

કેમ-કાં.

### પાઠ ૧૭ મો.

ત્યાં-તે ઠેકાણે.

તલ-તલ(એનું તેલ થાય છે.)

જાઊં-જવું.

ને-પેલો, બીજો માણસ.

### પાઠ ૧૮ મો.

દે-આપ.

આજ-આજરોજ.

ભાત-રાંધેલા ચોખા.

ખાવા-જમવા.

જોવા-તપાસવા.

લેવા-લેવા દે.

### પાઠ ૧૯ મો.

નહી-ના.

દુધ-દુધ, જેમાંથી ઘી બ ને છે તે

મામા-માનો ભાઈ.

પછી-પાછળથી.

### પાઠ ૨૦ મો.

મારા-પોતાના.

હશે-હોશે.

જોવું-દેખવું, નજર કરવી

### પાઠ ૨૧ મો

તારે-તને.

ઘર-રેઠાણ

તારૂં-બીજાનું.

### પાઠ ૨૨ મો

ઘેર-ઘરે, રેઠાણે, મુકામે.

ગોળ-શેરડીના રસને ઉકા ળીને કરે છે.

હતું-હયાત હતું.

ભાવશે-સારૂ લાગશે.

મારે-પોતાને.

હતા-હતા.

### પાઠ ૨૩ મો.

શાક-તરકારી, લીલોત્રી.

તારી-બીજાની.

દાળ-કઠોળના બે ફાડા કરે લી તે.

આવશે-જશેનું ઉલટું.

ઊંઘે-સુવે.

દેશે-આપશે.

પાઠ ૨૪ મો.

હાથ-કર, હાથ.

નારા-બીજાના.

પગ-ચર્ણ, ચાલવાના પગ.

જોઉં-દેખું.

લેવું-લેઉં.

પાઠ ૨૫ મો.

નથી-છે નહીં

કાકા-બાપનો ભાઇ.

કયાં-કીયે ઠેકાણે.

નાક-વાસ લેવાની ઇંદ્રિ, નાશીકા.

તમારા-તારા.

પાઠ ૨૬ મો

કાંઇ-જરા.

આપુ-દેઉં.

બેન-બા.

વાત-કથા, કાણી.

કહું-સંભળાવું.

ખાવું-જમવું.

પાઠ ૨૭ મો.

કોણ-કિયો, કયો.

થાય-લાગે.

માશી-માની બેહેન.

એક-સંખ્યા, આંકડો (૧).

બે-સંખ્યા (૨).

ભાઇ-ભાઇ.

પાઠ ૨૮ મો.

જાણે-ખબર પડે.

મસ-બહુ.

આપીશ-દેઇશ.

લાવી-આણી.

કરશે-કામ કરશે.

ખાસે-ખાવાનું ખાશે.

સરત-યાદ.

બાજરી-અનાજ.

પાઠ ૨૯ મો.

પુછો-તપાસ કરો.
કહો-પુછો, બોલો.
માગે-લેવાને કેહેવું, તગાદો
તો-તો.
કામ-કાર્ય.
જોઇશે-જરૂર પડશે.

**પાઠ ૩૦ મો.**

જુઓ-દેખો, ભાળો.
હતી-હાજર.
માગી-માગવું.
આપો-લાવો.
કેરી-આંબાનું ફળ
તેણે-પેલાએ.

**પાઠ ૩૧ મો.**

ભૂખ-ક્ષુધા, ખાવાની રૂચી.
ભૂખી-ખાધા વગરની, અપવાશી.
લાગી-થઇ.
બહાર-ઘરની બહાર.
ખાશો-જમશો.

**પાઠ ૩૨ મો.**

પાસે-નજીક.
ભાભી-ભાઇની વહુ.
તેની-પેલાની.
બાજે-એક શિવાય.
ક્યારે-કોઇ વખતે.
ત્યારે-તે વખતે.
ગઇ-જતી રહી.
કાકો-બાપનો ભાઇ.
ઉભું-ઉભું રહેલું

**પાઠ ૩૩ મો.**

ગુંદર-ઝાડનો ચીક, પડમાં થી ઝરીને નિકળે છે.
આંખો-નેત્રો.
સોનું-કીંમતી પીળા રંગની ધાતુ
લેતી-આણતી.
જુની-આગળની, અસલની,

કાલે-આવતે રોજ, અથવા
ગયે કાલ.

### પાઠ ૩૪ મો.

ચાર-સંખ્યા. (૪)
કેટલાં-અમુક સંખ્યા.
માથું-શીર, મથાળું.
છત્રી-છત્ર.
માથાં-માથું એનું બહુવ-
ચન.
પશુ-જાનવર.

### પાઠ ૩૫ મો.

પૈસો-ખુરદો.
આવો-પધારો, ખારાજો
જોડે-સાથે.
તેડી-લાવી.
આપણા-અમારા
નાની-થોડી ઉમ્મરની.
ખીર-દુધમાં રાંધેલા ચોખા.
પુરી-ખાવાની લોટની બ-
નાવેલી ગોળ ચીજ

### પાઠ ૩૬ મો.

સારો-સરસ, મજાનો.
માટે-વાસ્તે
મેળે-પોતે.
લીધો-મેળવ્યો.
કાગળ-શાળના ચીથરાંના બ
નાવે છે
કેવો-કેવી તરેહનો.
લખીશ-લખવા એશીશ.
વારે-વખતે.
આવડે-શીખાય, જાણાય.

### પાઠ ૩૭ મો.

બુમો-રાડો, ઘાંટા
થયું-થયું.
પાડો-કાહાડો.

### પાઠ ૩૮ મો.

બેસું-બેસવું.
ઘોડો-અશ્વ, તુરકીન.

ઘોડે-ઘોડા ઉપર.

ફરે-ફરીચે.

છોકરા-ભાઈ.

આપણે-પોતાને.

જાડો-પુષ્ટ,ચરબીદાર,માતેલો.

ચાકર-દાસ.

ભીમો-માણસનું નામ.

### પાઠ ૩૯ મો

આણું-લાવું

બહુ-ઘણા.

પાણી-જળ, આબ.

ખપ-દરકાર, ગરજ.

ઉભી-થોભી.

છોડી-છોકરી.

શા-કિયો.

કને-પાસે

પીળું-હળદર જેવો રંગ.

કાચા-અપકવ, પાકેલા ન
હી તે.

તરસ-પાણી પીવાની ઇચ્છા.

લાગી-જણાઈ.

### પાઠ ૪૦ મો

ભલી-ડાહી, શાણી.

પેટે-ઉદર.

રાંધે-બાફે.

ખાધા-ખાઈ જવું.

દહાડો-દિવસ.

ખવાય-જમાય, જમવામાં
લેવાય.

રાંધેલા-બાફેલા

### પાઠ ૪૧ મો

બાપડા-રાંક,બિચારા,ગરીબ

ધીમે-હળવે

અમે-પોતે

ઝટ-તુરત, જલદી

દાંત-દાંત

મધ-મધપુડામાંથી નિકળે
છે તે ગળ્યો રસદાર પદાર્થ

આપણી-પોતાની
શેરી-ગલી
વહુ-સ્ત્રી, બૈરી
અમને-પોતાને
ડોસી-વૃધ બાપડી
હીંડાતું-ચલાતું
ભલાં-રૂડાં, શાણાં, સાલસ
બાપડી-ગરીબડી
તેમને-તેઉને
ચાલે-હીંડે

પાઠ ૪૨ મો

ચોળ-ચોખ્ખુંકર, સાફકર
વેળા-વખત
ગંદી-મેલી
ગાંડી-ઘેલી.
લુગડાં-વસ્ત્ર
અરે-દુખ કે ગભરાટ બતાવતો શબ્દ.
મેલાં-ગંદાં.
ઉંડે-વાથા ફરફરે
જુઓ-દેખો.
ચોળતી-ચોખ્ખું કરતી.
ઓાળ-સાફ કર, બરાબરકર.
પેહેર-લુગડાં પેહેર, ઘાલ.
મેલ-ગંદવાડ.
ડીલે-શરીરે.
ગંદા-મેલા, ગલીચ.

પાઠ ૪૩ મો.

ઓળખી-જાણી.
ખેતર-અનાજ વાવવાની જગા.
સાભળો-સુણો.
કાચું-વગર પાકેલું, અપક્વ
ઘંટી-દાણા દળવાની પથ્થરની હોય છે
મજુરી-વૈતરૂ
રાખજે-મુકજે.
અનાજ-ધાન, દાણા.

ખેતરવાળા–ખેતરના ધણી, માલેક.

પૈસા–ત્રાંબા નાણું.

વેચવા–કીંમત ઉપજાવવી, વકરો કરવો.

પાઠ ૪૪ મો.

બોલો–કહો, ઉચરો.

પાંચ–સંખ્યા. (૫)

શી–કઈ.

થોડી–ઓછી.

મગ, અડદ, વાલ – કઠોળ ધાન્ય.

પાઠ ૪૫ મો.

બાકી–વધારો, શેષ.

બાફ–રાંધ.

દળી–ભુકો કરી.

બાફી–રાંધી.

રોટલી–ગઉની રોટલી કરે છે, તાતા

રોટલા–બાજરીના રોટલા કરે છે, તાતા

રોજ–નિત્ય.

આવડે–જાણે.

દળે–ભુકો કરે.

લોટ–ભુકો.

પાઠ ૪૬ મો.

રમું–ખેલું, ખેલ કરે.

ઉઠે–જાગે.

પાટુ–લાત.

સુતી–સુઈ રહેલી.

ગાય–ગૌ, ગાય.

પેલી–તે.

ધોળી–સફેત

રાતી–લાલ.

અજાણી–નહી ઓળખીતી, વગર જાણીતી.

અહીં–આ ઠેકાણે.

પાઠ ૪૭ મો

ચારો-ઢોરનો ખોરાક.
ઘાસ-પરાળ, પુળા.
ગોધો-માતેલો બળદ.
બધું-તમામ, સઘળું.
થોડું-જરા.
વિના-વગર.
નાખ-મુક.
નાખીએ-મુકીએ.
ભરાય-એકઠું થાય.

પાઠ ૪૮ મો.

જોયો-દીઠો
દયા-હેત, મમતા, પ્યાર.
છાશ-પાણીમાં રોળેલું દહીં.
રંગ-આભાસ.
કાળો-કોયલા જેવો.
સમજણ-અક્કલ, બુદ્ધિ, સમજ.
દહીં-બંધાએલું દુધ.

પાઠ ૪૯ મો.

મઠ-અનાજ, આગમાની જાત, કઠોળ ધાન્ય.
મીઠું-લુણ, ખારી ખાંડ
કઢી-છાશ કે કોકમને ઉકાળી લોટ મેળવી મસાલા નાંખી કરેછે તે.
હાથે-કરે, હાથથી.
જોયા-દેખ્યા.
ખીચડી-દાળ ચોખા એકઠા કરી રાંધે છે તે.
પારખી-શોધી, ગોતી, ખોળી
દેખાડું-બતાવું.

પાઠ ૫૦ મો.

ઝાડ-વૃક્ષ.
ખુણો-ખાંચો.
ઠીક-બરાબર, સારૂં.
ઘેલો-ગાંડો.
ચડી-ઉપર જઇ.
આંબો-આંબાનું ઝાડ.

આમલી }
પીપળો } ઝાડનાં નામ.
લીમડો }
વડ-વડનું ઝાડ.
ચોરી-છાનું માનું રજા વગર લેવું તે, ખાતર
કેરીઓ-આંબાનાં ફળો.
નોકરી-ચુકરી.

**પાઠ ૫૧ મો**

ફોઇ-બાપની બેહેન.
નાઠો-જતો રહ્યો, દોડી ગયો.
ફળીઆમાં-શેરીમાં.
નીકળે-જાય
કીધું-કર્યું.
બેઠી-બેસી
અલી-પેલી.
ખબર-જાણ.
લાકડી-ડંગોરી

**પાઠ ૫૨ મો.**

સૌ-સર્વ
વાળુ-સાંજનું ખાવાનું.
બચી-ઉગરી.
મોઢે-મોયે.
ગાળો-નઠારા શબ્દો, ભાંડ.
દીધી-ભાંડી.
લાત-પાટુ.
વાંક-ગુનોહ, ભૂલ, ચુક.
માંદી-મંદવાડવાળી, ખાટલે પડેલી.
કડવાં-કડુઆં.
ઓસડ-દવા, ગુણ કારક ચીજ.

**પાઠ ૫૩ મો.**

તોફાન-ઉધમાત, ટંટો.
આખો-બધો.
દોડ-નાશ.
ઉભા-શાકણો, શાણો.

લૂલો-લંગડો, ખોડંગાતો
વાગે-લાગે, કચરાય, પછ-
ડાય.
રીતે-પ્રમાણે, માફક.
ચુલામાં-ચુલામાં.
મોટાં-મા બાપ.
જીવ-જાન, આત્મા.
પોતાની-પંડે
જરા-લગીર.

**પાઠ ૫૪ મો**

ઢોલ-ચાંમડે મઢેલું ગોળ
વાજિંત્ર
ઢગલા-ટેકરા.
બાંધે-બળે.
નિશાળ-ભણવાની જગા.
જણ-માણસ.
વધારે-બહુ.
પૂરાં-સંપૂર્ણ, આખાં
વગાડે-વગાડવું.
પીપી-શરણાઇ, નાની ભુંગળ
બેરા-શેલું, દુપટ્ટો.
મેહેતાજી-વિદ્યા ભણાવના
ર ગુરૂ, પંડ્યાજી, પંતુજી
મજા-ખુશી.
બેસવા-ભણવા બેસવા
પટેલે-મુખીએ
વરસ-વર્ષ, બાર માસનું મુ
દત.
મારતા-ઠોકતા, સજા કરતા;
શિક્ષા કરતાં.
શેઠ-શ્રીમંત માણસ, પૈસા
દાર, ગ્રહસ્થ.

**પાઠ ૫૫ મો.**

ખેંચે-તાણે.
દીઠાં-જોયાં.
નાગાં-ઉઘાડાં, લુગડાંવગરનાં.
ધુળ-કચરો, ખીઆડી.
કાદવ-કીચડ, કચરો.

કણીઓ-વઢવાડ, ટંટો

ફરે-ચાલે

હળ-સાતીકું, હોલ

બળદ-બેલ, ગાયનો નર

કહેલું-ફરમાવેલું

ધણી-માલેક.

ખેડે-ખેડવું, જમીન ઉખેડે.

પોતાની-[illegible] નહી તે

ઢોર-જાનવર, પશુ

**પાઠ ૫૬ મો**

કુતરો-શ્વાન.

બિલાડી-માજરી, મીંદડી,
બીલાડી

કબુતર-ખબુતર.

ચકલો-ચકલો

કાગડો-પક્ષી છે

પોપટ-પોપટ, પક્ષી છે.

પાંખો-પાંખો.

ઝાડે-વૃક્ષે.

માળ-પક્ષીના ઘર.

ઊંદર-ઊંદર.

ઘેલાડો-એક જાતનું જાનવર

દીધાં-કહ્યાં.

ગધેડો-પશુ, ગાલા ભાર વે
હેવા રાખે છે તે.

**પાઠ ૫૭ મો**

એક (૧) [illegible]

બે-(૨) [illegible]

ત્રણ-(૩)બેને એક ત્રણ પા
ય છે.

લેખણ-કલમ, વતરણું.

મુકે-મેલ્યું, ધરે, રાખ્યું

જોડે-સાથે

ઉમેરીએ-વધારીએ, નાંખીયે

ઉલટા-અવળા

**પાઠ ૫૮ મો.**

ચાર-(૪)બે ને બે ચાર.

પાંચ-(૫)બે અઢીઆં પાંચ.

છ-(૬)બે તરી છ
આંગળાં-આંગળીઓ
પાઇ-એક પૈશાનો ત્રીજો ભાગ તે પાઇ

**પાઠ ૫૯મો**

સાત-(૭)બે ઉંઠે સાત
આઠ-(૮)ચાર દુ આઠ.
નવ-(૯)ત્રણ તરી નવ.
દશ-(૧૦)પાંચ દુ દશ.
મિંડું-(૦)આવી નિશાની

## સંખ્યા

| | | | |
|---|---|---|---|
| એક | ૧ | દશ હજાર | ૧૦૦૦૦ |
| દશ | ૧૦ | લાખ | ૧૦૦૦૦૦ |
| સો | ૧૦૦ | દશ લાખ | ૧૦૦૦૦૦૦ |
| હજાર | ૧૦૦૦ | ક્રોડ | ૧૦૦૦૦૦૦૦ |

## હિસાબ

૧. પૈશાનું ૪॥ શેર પાઇનું કેટલું — જ૦ ૧॥ શેર
૨. બે આનાનું દશશેર તો પૈશાનું કેટલું — જ૦ ૧। શેર
૩. પાવલાનાં ૧૦૦ પાનનો પચ્ચાશ પાનનું શું — જ૦ ૧ આનો
૪. ત્રણ પૈસે શેર કારેલા તો ૦॥ મણને બશેરેનું શું — જ૦ ૩૧) ૦॥ આ